ભિલોડામાં પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા અને પક્ષી ઘરનું વિતરણ કરાયું

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી ની શરૂઆત થઈ છે ત્યારે ભિલોડા ગૌ - રક્ષા સમિતિ દ્વારા છેલ્લા પાંચ વર્ષ થી અવિરત પણે ઉનાળામાં પક્ષીઓ માટે પાણીના કુંડા અને પક્ષી ઘરનું વિતરણ વિનામુલ્યે કરવામાં આવે છે.ખાસ કરીને લુપ્તતા ના આરે એવી ચકલી પક્ષીને એની લુપ્તતા અટકાવવા માટે આ ખાસ પ્રકારનું અભિયાન ચલાવવામાં આવે છે. ઉનાળાની સિઝન દરમિયાન અસહ્ય ગરમીમાં ચકલીઓ પાણીના અભાવે મૃત્યુ પામતી હોઈ છે.આ બાબતો ને ધ્યાનમાં રાખી ને આ વર્ષે પણ ગૌ - રક્ષા સમિતિ,ભિલોડા દ્વારા ૩૦૦૦ થી વધુ પાણીના કુંડા અને ૩૦૦૦ થી વધુ પક્ષી ઘર નું વિતરણ નારસોલી , નારણપુર , વાંસળી , ભિલોડા કંપા , માંકરોડા , નારસોલી ટાંડા , શાંતિનગર સોસાયટી , તિરૂપતિ સોસાયટી જેવા જુદા-જુદા વિસ્તારોમાં સેવાભાવી કાર્યકરોએ પહોંચીને સેવાકીય કામકાજ કરાયું હતું.ગૌ-રક્ષા સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રેકોર્ડ બ્રેક ગરમીથી જોખમી સ્થળે પહોંચ્યુ યુવી રેડીયેશન

ચામડી, આંખોમાં બળતરાની ફરિયાદોમાં વધારો

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રેકોર્ડ બ્રેક ગરમીથી તાપમાનનો પારો ઉત્તરોત્તર વધતાં જનજીવન હચમચી ગયું છે. સવાર પડતાં જ આકાશમાંથી આગના ગોળા વરસતા હોય તેવા ગરમીના કહેરથી અલ્ટ્રાવાયોલેટ રેડીયેશનનું સ્તર પણ જોખમી રીતે વધી રહ્યું છે. જેના કારણે ચામડી અને આંખોમાં બળતરા થવાની ફરિયાદોમાં એકાએક વધારો થયો છે. જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. કાળઝાળ ગરમીના કારણે પ્રજા તો ઠીક પરંતુ મૂંગા પશુ-પક્ષીઓ પણ અકળાઈ ઉઠ્યાં છે. જિલ્લામાં આ વર્ષે ઉનાળામાં ગરમીએ છેલ્લા ૧૦ વર્ષનો વિક્રમ તોડ્યો છે. છ દિવસની હીટવેવની આગાહી વચ્ચે વાતાવરણ અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયું હોય તેવો માહોલ અનુભવાઈ રહ્યો છે. સવાર પડતાં જ સૂર્યનારાયણ આકરા પાણીએ આવી જતા હોવાથી પ્રજા દેહદઝાડતી ગરમીથી ત્રાહી..ત્રાહી પોકારી ઉઠી છે. જિલ્લામાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. વધતા જતા તાપમાન કરતાં બંન્ને જિલ્લામાં અલ્ટ્રાવાયોલેટ રેડીયેશનનું હવે જોખમ વધી ગયું છે. યુવી રેડીયેશન કિરણોમાંથી નિકળતા ભયજનક કિરણો હવે જોખમી સ્થળે પહોંચી ગયા છે. જિલ્લામાં યુવી રેડીયેશનનું સ્તર વધતાં ચામડી તેમજ આંખોમાં બળતરા થવાની ફરિયાદોમાં ધરખમ વધારો થયો છે. જિલ્લામાં યુવી ઈન્ડેક્ષ વધતાં ચામડી અને આંખોને નુકસાન પહોંચવાની શક્યતા વધી જતી હોવાથી શક્ય બને તો ગરમીમાં બહાર જવાનું ટાળવું તેમજ શરીર પુરૂ ઢંકાઈ રહે તે પ્રકારનાં કપડાં પહેરવાં, માથે ટોપી અને શનગ્લાસ પહેરવા તબીબો અનુરોધ કરી રહ્યા છે. જિલ્લામાં રેકોર્ડ બ્રેક ગરમીથી જનજીવન બેહાલ બની ગયું છે અને હવે યુવી રેડીયેશનનું જોખમ વધી ગયું હોવાથી જો આજ પ્રકારે તાપમાનનો પારો સતત ઉંચકાતો રહ્યો તો જનઆરોગ્ય ખતરામાં મૂકાઈ જવાની દહેશત વ્યક્ત થઈ છે. રેડએલર્ટ જાહેર કરાયા પછી જિલ્લામાં તાપમાનનો પારો માસના અંતે ૪૫ ડીગ્રીએ પહોંચવાની દહેશત સેવાય છે.

ડીસાના ઢુવા ગામે નવનિર્મિત મહાદેવના મંદિરમાં માતબર દાન

ડીસા તાલુકાના ઢુવા ગામે ઠાકોર સમાજ દ્વારા નવનિર્મિત બુટેશ્વર મહાદેવના મંદિરના નિર્માણમાં ઠાકોર સમાજના અગ્રણીઓ દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહાવવામા આવી રહી છે ત્યારે આજે જાગીરદાર ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા પણ પાવન કાર્યમાં સહભાગી થવા ઢુવા ગામે પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા જ્યાં તેમણે મંદિરમાં નવનિર્માણ માટે ૧,૧૧,૧૧૧ રૂપિયા રોકડાનો ઉદાર હૈયે ફાળો આપ્યો હતો ત્યારે સમગ્ર ઢુવા ગામના ઠાકોર સમાજના આગેવાનો યુવાનો તેમજ આબાલવૃદ્ધ સૌ કોઈ દ્વારા ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન પ્રસંગે કૈલાસનાથ મહારાજે પોતાના હાથે ભોજન પ્રસાદ બનાવી આવનાર મહાનુભાવો અને મહેમાનો તથા ભાવિકોને ભોજન પ્રસાદ ગ્રહણ કરાવ્યો હતો. આ પ્રસંગે ઢુવા ગામના ઠાકોર સમાજના અગ્રણી, આગેવાનો, સરપંચ સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા વધુમાં બહાદુરસિંહ વાઘેલા સાથે આવનાર ઝાબડીયા સરપંચ લાલસિંહનું પણ ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું એવું અમારા સંવાદદાતા કાંતિલાલ લોધાએ જણાવ્યું હતું

હોલ ટીકીટ ઓનલાઈન મૂકાઈ : હિંમતનગર-મોડાસાના ૨૨ કેન્દ્રો ઉપર ગુજકેટ પરીક્ષાનું આયોજન

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૪૨૦૦ છાત્રો તા.૧૮ એપ્રિલે પરીક્ષા આપશે

જિલ્લામાં ધો. ૧૦ બોર્ડની પરીક્ષા શનિવારે સમાપ્ત થઈ છે. ધો.૧૨ માં મંગળવારે આખરી વિષયની પરીક્ષા યોજાશે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા આગામી તા. ૧૮ એપ્રિલે યોજાનારી ગુજકેટની પરીક્ષા માટે તૈયારીઓ શરુ કરવામાં આવી છે. હિંમતનગર ૧૩, અરવલ્લીના ૯ મળી કુલ-૨૨ કેન્દ્રો ઉપર ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રો માટે ગુજકેટ પરીક્ષાનું આયોજન કરાયું છે. દર વર્ષે માર્ચ મહિનો પરીક્ષાનો મહિનો બનતો હતો. આ વર્ષે એપ્રિલ મહિનો પણ પરીક્ષાનો મહિનો બની ગયો છે. જિલ્લામાં ધગધગતી ગરમી વચ્ચે પરીક્ષાના આયોજન સામે કેળવણીકારો અને વાલીઓનો રોષ છૂપો રહ્યો નથી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૮ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષા યોજાવવાની છે અને તે માટે હોલ ટીકીટ ઓનલાઈન મૂકવામાં આવી છે. હોલ ટીકીટ માટે વિદ્યાર્થીઓએ પોતાનું આવેદનપત્ર રજૂ કર્યું ત્યારે નોંધાયેલ મોબાઈલ નંબર કે મેલ આઈડી અને જન્મ તારીખ કે એપ્લીકેશન નંબર દાખલ કરી એડમીશન કાર્ડ ડાઉનલોડ કરી શકાશે. જે તે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ દ્વારા પોતાના ઈન્ડેકસ નંબર તથા રજીસ્ટર મોબાઈલ નંબરનો ઉપયોગ કરી લોગઈન થઈ શાળાના ગુજકેટ-૨૦૨૨ માટે પોતાની શાળાના ઉમેદવારોના એડમીશન કાર્ડ ડાઉનલોડ કરે તે પ્રકારની સુવિધા ઉભી કરવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વડામથક હિંમતનગર અને મોડાસામાં ૧૩ પરીક્ષા કેન્દ્રો ઉપર તા.૧૮ એપ્રિલે પરીક્ષા યોજાવવાની છે. હોલ ટીકીટ ઉપર શાળાના આચાર્યના સહી-સિક્કા કરવાની જરૂર ન હોવાનું પણ બોર્ડ દ્વારા જણાવાયું છે. હોલ ટીકીટ સાથે પરીક્ષા આપનાર ઉમેદવારે પોતાનો ફોટો-આઈ.ડી. પ્રુફ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ માટે ફરજીયાત સાથે રાખવા જણાવ્યું છે. સાબરકાંઠામાં ૨ ૧૫ અને અરવલ્લીમાં ૧ ૬૪૯ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે.

લીંબુમાં વધતી મોંઘવારીએ ગરમીમાં પ્રજાને નિચોવી

જિલ્લામાં શેરડીના રસના ગ્લાસમાં રૂા.પાંચનો તોતિંગ વધારો

નાના ગ્લાસનો ભાવ ૧૫, મોટા ગ્લાસનો ભાવ ૨૦

બાયડ (બ્યુરો એફિસ) તા.૧૧

લીંબુમાં વધતી મોંઘવારીએ અસહ્ય ગરમીમાં ઠંડક ઈચ્છતી પ્રજાને નિચોવી નાખવાની શરુઆત કરી છે. કાળઝાળ ગરમીમાં પ્રજા શેરડીના રસના ઘૂંટડા ભરી રહી છે પરંતુ લીંબુના ભાવમાં વધતી મોંઘવારીએ પ્રજાને નિચોવી નાખ્યા જેવી સ્થિતિ છે. લીંબુમાં તોતિંગ ભાવ વધારાથી લીંબુવાળો શેરડીના રસના ભાવમાં રુપ નો તોતિંગ વધારો થયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉનાળો હવે વધુ આકરો બન્યો છે. આ વર્ષે કેરીનું આગમન વિલંબમાં પડ્યું છે તેનો ભરપૂર ફાયદો શેરડીના રસના કોલાવાળા ઉઠાવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નાનામોટા ૧૨૦૦૦થી વધુ રસ કોલ સેન્ટર શરુ થયા છે. જ્યાં શરુઆતમાં શેરડીનો રસ રુ ૧૦ અને ૧૫માં મળતો હતો પરંતુ લીંબુના ભાવ વધ્યા પછી અત્ર, તત્ર, સર્વત્ર મોંઘવારીનું ગ્રહણ દેખાયું. પ્રજા પણ શેરડીમાં લીંબુ નાખવાનો આગ્રહ રાખતાં કોલા સેન્ટરના માલિકોએ ન છૂટકે શેરડીના રસના ભાવ વધારા કરવાની

નોબત આવી છે. અગાઉ રુ ૧૦માં મળતો નાનો ગ્લાસ હવે રુ ૧૫ ના ભાવે વેચાઈ રહ્યો છે. લીંબુમાં ભાવ વધારાના કારણે જ્યારે રુ ૧૫માં મળતો ગ્લાસ રુ ૨૦ના ભાવે વેચાઈ રહ્યો છે. કેટલાક લોકો લીંબુના ભાવમાં આગ ઝરતી તેજીથી અજાણ હોવાના કારણે રસ પીધા પછી કોલા સેન્ટરના માલિક દ્વારા પૈસા માંગવામાં આવે ત્યારે રકઝક થતી હોવાના દ્રશ્યો પણ સામે આવી રહ્યા છે. જો લીંબુના ભાવ ૧ કીલોગ્રામ ૫૦૦ને આંબશે તો શેરડીના રસનો ભાવમાં પણ વધુ રુ ૫ નો ભાવ વધારો સંભવ હોવાનું કોલ સેન્ટર માલિકો જણાવી રહ્યા છે.

જિલ્લામાં દરરોજ ૪ લાખ ગ્લાસથી વધુ શેરડીના રસનું વેચાણ

જિલ્લામાં ધોમધખતા તાપમાં આઈસ્ક્રીમ, લસ્સી, છાશ વગેરેના ભાવમાં વધારો થયા પછી પ્રજા સસ્તો શેરડીનો રસ પીવા તરફ લગાવ કેળવતી જોવા મળી પરંતુ લીંબુના ભાવમાં ભડકા પછી શેરડીના રસના ભાવમાં પણ વધારો થયો છે છતાં જિલ્લામાં દરરોજ ૪ લાખ ગ્લાસથી વધુ શેરડીના રસનું વેચાણ થઈ રહ્યાનું જાણવા મળ્યું છે.

ભિલોડાની જેસિંગપુર જિલ્લા પંચાયત બેઠકના વાંકાનેર શક્તિ કેન્દ્રની ટીફીન બેઠક યોજાઈ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની જેસિંગપુર જિલ્લા પંચાયત બેઠકના વાંકાનેર શક્તિ કેન્દ્રની ટીફીન બેઠક યોજાઈ હતી.ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.રામનવમીના પાવન પર્વ પર ભારતીય જનતા પાર્ટી,ભિલોડા મંડલના પ્રમુખ કાન્તિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જેસિંગપુર જિલ્લા પંચાયત બેઠકના વાંકાનેર શક્તિ કેન્દ્ર પર ટિફિન બેઠક યોજાઈ હતી.ભાજપનું સંગઠન વધુ માં વધુ મજબુત બને તેના પર વિશેષ ભાર વકતાઓએ મુંકયો હતો.આગામી વિધાનસભાની ચુંટણીમાં ભિલોડા - મેઘરજ બેઠક પર ભાજપ નું કમળ ખીલવવા સહિયારો સાથ સહકાર આપવા સંદર્ભે વિશેષ મહત્વ આપાયું હતું.

અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ રાજેશભાઈ નિનામા,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય રસિકાબેન ખરાડી,નીલાબેન મડિયા,ભિલોડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ વિક્રમભાઈ પટેલ,ટિફિન બેઠકના ઈન્ચાર્જ જીતુસિંહ રાઠોડ,યુવા મોરચા ભિલોડા તાલુકાના મહામંત્રી દેવાંગભાઈ બારોટ,અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી સચિનભાઈ બરંડા,રધજીભાઈ પટેલ,સંકેતભાઈ પટેલ અને વાંકાનેર શક્તિ કેન્દ્રના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ટીફીન બેઠકમાં રસ્તાઓનો પ્રશ્નો,વિકાસ લક્ષી પ્રશ્નો,પીવાના પાણીના પ્રશ્નનો અને આગામી કાર્યક્રમો સંદર્ભે વિશેષ ચર્ચા - વિચારણા કરી હતી.

સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ મુકી તો ખાવી પડશે જેલની હવા : મોડાસામાં શાંતિ ડહોળનાર ૧ ઝડપાયો

મોડાસા, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લામાં રામનવમીની શોભાયાત્રા દરમિયાન થયેલી પથ્થરમારાની ઘટનાને લઈને પોલિસ દ્વારા શાંતિ માટેના પ્રયાસો કરી રહી છે, આ વચ્ચે શાંતિ ડહોળનાર એક વ્યક્તિને મોડાસા ટાઉન પોલિસે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. મોડાસા ટાઉન પોલિસ સ્ટેશન વિસ્તારની હદમાં આરોપી ઉબેદુલ્લા ઈકબાલભાઈ કુશ્કીવાલા, રહે.રહેમાની સોસાયટી, મોડાસા, જેણે હિંમતનગરમાં થયેલી ઘટનાના વીડિયોને એડિટ કરીને ઉશ્કેરણીજનક પોસ્ટ મુકી હતી. વીડિયો એડિટિંગ કર્યા પછી વોટ્સ એપના સ્ટેટસમાં પોસ્ટ મુકી હતી, જેને લઈને શાંતિનો ભંગ થવાની દહેશત હતી. જેને લઈને પોલિસે ઉબેદુલ્લા ઈકબાલભાઈ કુશ્કીવાલાની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ૧૦ એપ્રિલના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે રામનવમીની શોભાયાત્રા દરમિયાન અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હતો, જેને લઈને પરિસ્થિતિ વણસી હતી. સમગ્ર ઘટનાને લઈને હિંમતનગર ખાતે પોલિસનો ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. આ સાથે જ અરવલ્લી જિલ્લામાં પણ પોલિસ એક્શન મોડમાં આવી હતી, અને લોકોને શાંતિ જાળવવા માટે અપીલ કરી હતી. ત્યારે આ વચ્ચે કેટલાક લોકો વાતાવરણને ડહોળવાનો પ્રયાસ કરનાર ઈસમનો ઝડપી પાડવા માટે સાયબર સેલની મદદ લઈ એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. અરવલ્લી જિલ્લા પોલિસ અને જાગૃત નાગરિકો અને મીડિયા મિત્રોએ જીલ્લાના લોકોને અપીલ કરે છે કે, શાંતિ જાળવો અને કોઈપણ પ્રકારની ઉશ્કેરણી જનક પોસ્ટ સોશિયલ મીડિયા પર ન મુકવી, નહીંતર જેલની હવા ખાવાનો વારો આવી શકે છે.

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવે રામનવમીના મહાપર્વે પાલનપુરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ....

મોટા રામજી મંદિરથી શહેરના રાજમાર્ગો ઉપર પરિભ્રમણ સ્વાગત : પાણી સવલતો અને પુષ્પવૃષ્ટિ કરાઈ

પાલનપુર તા. ૧૧

ત્રેતાયુગ ના ભગવાન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના જન્મોત્સવ એવા ચૈત્ર સુદ નોમ રામ નવમીના રોજ કોરોના કાળના બે વર્ષ બાદ આજે શહેરના પૌરાણિક મોટા રામદેવ મંદિર ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. શહેરના પૌરાણિક મોટા રામજી મંદિરથી વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ શ્રી મોટા રામજી મંદિર ના મહંત પરમ પૂજ્ય રાઘવ દાસજી મહારાજ અને ભક્ત મંડળ ના સુંદર આયોજન ના કારણે શહેરમાં કેસરી ધજા-પતાકાઓ સાથે તલવારબાજી અને લાઠીદાવ ના અંગકસરતના ખેલ ભગવા ધ્વજ ધારી ઘોડેસવારો ભગવાન પરશુરામ છત્રપતિ શિવાજી મહારાજ મહારાણા પ્રતાપ ની વેશભૂષા માં ઘોડા ઉપર યુવાનો અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી યાત્રાનું ઠેરઠેર ધર્મપ્રેમી જનતા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઠંડા પાણી શરબત અને પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જ્યારે અનેક સ્થળોએ શોભાયાત્રા ઉપર પુષ્પવૃષ્ટિ કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે શણગારેલ રથોમાં વિવિધ રામ લલ્લા ભગવાન મહારાજ રાઘવ દાસજી અને બીજી બગીમાં ભગવાન રામ લક્ષ્મણ સીતા હનુમાન જી ની વેશભૂષા માં ભૂલકાઓ આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રામાં ભક્તજનોને ઠેરઠેર બુંદીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. નવનિયુક્ત એસ પી અક્ષય રાજ મકવાણા ની નિગરાની હેઠળ શહેરના પૂર્વ અને પશ્ચિમ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ઓ એલસીબી એસઓજી સાથે બંને પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ અને હોમગાર્ડના જવાનો આ શોભાયાત્રામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

શહેરના જુદા જુદા રાજમાર્ગો ઉપર પરિભ્રમણ કરી મોડી સાંજે યાત્રા મોટા રામજી મંદિરે સુખ પૂર્વક સંપન્ન થઈ હતી આ શોભાયાત્રામાં નાસિક બેન્ડ બાજા સાથે મોટા ડીજે માં ભગવાન શ્રી રામના ભજનો હિન્દુ સનાતન સંસ્કૃતિના સૌર્ય ગીતો નું પ્રસારણ કરતા યુવાનો ધાર્મિક ના રંગે રંગાઈ ગયા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર રાત્રે વિસ્ફોટકો સાથે દોડતાં ટ્રેક્ટરની સંખ્યામાં વધારો

ગેરકાયદે બ્લાસ્ટીંગની આશંકા

બાયડ (બ્યુરો એફિસ) તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પાણીનાં તળ ઉંડાં જતાં બ્લાસ્ટીંગથી કૂવા ઉંડા કરવાનો ધમધમાટ શરૂ થયો છે તેની સાથે જિલ્લાના માર્ગો ઉપર રાત્રે વિસ્ફોટકો સાથે દોડતાં ટ્રેક્ટરોની સંખ્યામાં વધારો થયો છે. પરપ્રાંતિય ઈસમો વિસ્ફોટક સામગ્રી સાથે રાત્રે ટ્રેક્ટર લઈને પસાર થતા હોવાથી ગેરકાયદે બ્લાસ્ટીંગની આશંકા વ્યક્ત થઈ છે. બંન્ને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે વિસ્ફોટકોની હેરાફેરી થઈ રહી છે છતાં એસ.ઓ.જી.ની ટીમ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતી હોય તેવી સ્થિતિના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર બ્લાસ્ટીંગની ફરિયાદ સાંભળવા મળી રહી છે.

જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં કૂવા સૂકાભઠ્ઠ બની ગયા છે. પાણીનાં તળ સતત ઉંડે જતાં કૂવા ઉંડા કરવા માટે વિસ્ફોટકોનો ઉપયોગ થઈ રહ્યો છે. પાણી માટે ખેડૂતો કૂવામાં બ્લાસ્ટ કરાવતા હોવાથી પરપ્રાંતિય ઈસમો કાયદેસર વિસ્ફોટકો રાખે તો કૂવા ઉંડા કરવાની કામગીરીને પહોંચી વળે તેમ ન હોવાથી ગેરકાયદે વિસ્ફોટકો રાખી કૂવા ઉંડા થઈ રહ્યાની વિગતો સામે આવી છે. જિલ્લામાં કૂવા ઉંડા કરવાની કામગીરીનો ધમધમાટ શરૂ થતાંની સાથે જ ગ્રામ્ય વિસ્તારના માર્ગો ઉપર વિસ્ફોટક સામગ્રી સાથે દોડતાં ટ્રેક્ટરની સંખ્યામાં વધારો થયો છે. પરપ્રાંતિય ઈસમો રાત્રે જ ટ્રેક્ટર હંકારતા હોવાથી ગેરકાયદે વિસ્ફોટકોની હેરાફેરીની આશંકા વધુ મજબૂત બની છે. છેલ્લા કેટલાય સમયથી માર્ગો ઉપર ગેરકાયદેસર રીતે વિસ્ફોટકોની હેરાફેરી થઈ રહી છે છતાં એસ.ઓ.જી.ની ટીમને તપાસ કરવાની પણ ફૂરસદ ન હોવાથી પરપ્રાંતિય ઈસમો બિન્દાસ્ત રીતે ગેરકાયદે હેરાફેરી કરતા હોવાની ફરિયાદ સાંભળવા મળી રહી છે.

જિલ્લામાં કૂવાનાં તળ ઉંડાં જતાં વિસ્ફોટકોથી કૂવા ઉંડા કરવાની જાણે કે સીઝન જામી હોય તેમ રાત પડતાં જ બ્લાસ્ટથી સીમાડા ધમધમતા હોય છે. રાત્રે જીલેટીન સ્ટીક તેમજ અન્ય વિસ્ફોટક સામગ્રી સાથે નવાં વાહનો માર્ગો ઉપર દોડાદોડી કરતાં સામાન્ય માણસને નજરે પડે છે પરંતુ જવાબદાર તંત્રને પરપ્રાંતિય ટ્રેક્ટર ચાલકોને થોભાવી પરવાના તપાસવા કે પછી અન્ય પૂછપરછ કરવી..?? તેનો સમય જ ન હોવાથી માર્ગો ઉપર ગેરકાયદે થતી વિસ્ફોટક સામગ્રીથી જોખમ ઉભું થયું છે.

સાબરકાંઠામાં ઘીના ભેળસેળીયા વેપારીઓને રૂા.૩ લાખનો દંડ

બાયડ (બરો એફિસ) તા.૧૦

સાબરકાંઠા જિલ્લામાં શુદ્ધ ઘીના નામે પ્રજાને ભેળસેળ વાળું ઘી પધરાવાતું હોવાની ઉઠેલી ફરીયાદ વચ્ચે ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા પ્રાંતિજ અને ગાંભોઈ દરોડા પાડી લેવામાં આવેલા લૂઝ ઘીના નમૂના પરીક્ષણમાં ફેલ થયા છે જેથી બંને પેઢીના માલિકોને ઘીમાં ભેળસેળ બદલ કુલ રુ.૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરનારાઓને છૂટો દોર મળી ગયા પછી ફૂડ વિભાગ હમણાંથી હરકતમાં આવ્યું છે. ખાદ્ય ચીજોમાં ભેળસેળ પકડવા માટે સરકારે ફૂડ ટેસ્ટીંગ ઓન વહીકલ ની ફાળવણી કરી છે પરંતુ હમણાં સુધી ડ્રાઈવરના કોઈ ઠેકાણા ન હોવાથી ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓના લેવામાં આવી રહ્યા છે. વિભાગ દ્વારા થોડાક સમય અગાઉ પ્રાંતિજમાં નાની ભાગોળ વિસ્તારમાં મહાલક્ષ્મી દુગ્ધાલયમાં દરોડો પાડી લુઝ ઘીના નમૂના લેવામાં આવ્યા જે વડોદરા સ્થિત વિભાગની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવતાં શુદ્ધ ઘીમાં વનસ્પતિ ઘી, હળદર તેમજ કલરની હાજરી જણાઈ આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયો હતો. ઘીમાં ભેળસેળ જણાતાં પેઢી માલિક હરીચંદ્ર રામદેવ યાદવને ભેળસેળના ગુના બદલ દોષી ઠેરવી એજ્યુકેટીવ ઓફિસર દ્વારા રૂ.૩ર્ઝ્ નો દંડ ફટકારવામાં આવ્યો જે ઓછો હોવાથી સરકાર પક્ષે ફૂડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલમાં અપીલ થઈ જેમાં તા.૦૧ એપ્રિલના રોજ ટ્રીબ્યુનલ કોર્ટે ચુકાદો આપી પેઢીના માલિકને રુ.૧ લાખ ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે.

જન્મદિને વધામણી

નટવરભાઈ સી. ભાટિયા, હરિપાર્ક સોસાયટી, બાયડ.



કિંજલ એ. પ્રજાપતિ આકુંદ તા.ધનસુરા



તોફીક એ. પઠાણ બાયડ જી.અરવલ્લી